# ભગવાન શ્રીકૃષ્ણનો અક્ષય અનુગ્રહ

## મહાભારતની એક કથા પર આધારિત

નીતિપરાયણ પાંડવો પોતાના ભાઈ ધર્મરાજ યુધિષ્ઠિરના નેતૃત્વમાં, હસ્તિનાપુર સામ્રાજ્યના ન્યાયસંગત ઉત્તરાધિકારી હતા. પરંતુ તેમના ઈર્ષાળુ પિતરાઈ ભાઈ દુર્યોધનના છળકપટને લીધે તેમને બાર વર્ષ સુધી દેશનિકાલ કરીને વનવાસ માટે મોકલી દીધા હતા.

પાંડવોના અનેક નિષ્ઠાવાન ઋષિમુનિઓ પણ તેમની સાથે વનમાં ગયા. ધર્મરાજ યુધિષ્ઠિર એ નહોતા જાણતા કે તેમના પરિવાર અને ઋષિઓનું ભરણપોષણ કરવાની ફરજ તેઓ કેવી રીતે નિભાવશે. તેમણે સૂર્યદેવને વરદાન માટે પ્રાર્થના કરી. યુધિષ્ઠિરની પ્રાર્થના સાંભળીને સૂર્યદેવ તેમની સમક્ષ પ્રગટ થયા. તેમનું દિવ્ય કવચ સ્વર્ણિમ પ્રભાનું હતું અને તેમના હાથમાં અદ્‌ભુત પાત્ર હતું જે સૂર્યની જેમ જ પ્રકાશિત અને ઝળહળતું હતું, તે અક્ષયપાત્ર હતું.

સૂર્યદેવ બોલ્યા : ‘‘હે જયેષ્ઠ પાંડુપુત્ર, આ દિવ્યપાત્ર ગ્રહણ કરો. આ ભગવાનના અક્ષય અનુગ્રહનું પ્રતીક છે. આ પાત્રમાંથી તમને અને તમારા ભાઈઓને દરરોજ ભોજન પ્રાપ્ત થતું રહેશે. તમારી પત્ની દ્રૌપદી બધા ઋષિઓને ભોજન કરાવવાની સેવા કરે. આપણી પરંપરા અનુસાર, બધાના ભોજન કરી લીધા પછી જ અંતે તમારી પત્ની દ્રૌપદી પોતાનું ભોજન ગ્રહણ કરે. હું તમને વચન આપું છું કે જો તમે આ પ્રકારે ભોજન કરશો તો તમારે ક્યારેય ભૂખ્યા નહીં રહેવું પડે.’’

સૂર્યદેવ દ્વારા અપાયેલા ઉપહાર માટે પાંડવો તેમના પ્રત્યે કૃતજ્ઞ હતા અને દરરોજ અક્ષયપાત્રમાંથી ભોજન લેતી વખતે તેઓ તેમના આદેશનું પાલન કરવા લાગ્યા. પાંડવો અને બીજા ઋષિઓ ભોજન ગ્રહણ કરી લે પછી જ દ્રૌપદી તેનું ભોજન ગ્રહણ કરતી. ત્યારપછી એ પાત્ર બીજા દિવસે સવારે ત્યાંસુધી ખાલી રહેતું હતું જ્યાંસુધી જાદુઈરૂપે તેમાં બીજીવાર ભોજન ન આવી જાય.

જ્યારે અક્ષયપાત્રની વાત હસ્તિનાપુર પહોંચી ત્યારે દુષ્ટ દુર્યોધનને ઈર્ષા થઈ. તેણે પાંડવોની વિરુદ્ધ એક યોજના ઘડી કાઢી. દુર્વાસા મુનિ જે એક તેજસ્વી ઋષિ હતા તેમના પ્રત્યે દુર્યોધન સન્માન પ્રગટ કરી રહ્યો હતો. તેમની પાસેથી વરદાન મેળવવાની આશાએ તેમને અને તેમના દસ હજાર શિષ્યો માટે ભોજનની વ્યવસ્થા કરી રહ્યો હતો. દુર્વાસા મુનિ તેમના ક્રોધ માટે સંપૂર્ણ વિશ્વમાં પ્રસિદ્ધ હતા. સહેજપણ અનાદર થતા તેઓ શાપ આપી દેતા અને તેથી રાજાઓ અને દેવો પણ દુર્વાસા મુનિના ક્રોધથી ડરતા હતા. દુર્યોધનની સેવાથી દુર્વાસા મુનિ ખૂબ પ્રસન્ન હતા અને તેમણે કહ્યું, ‘‘હું તારા પર પ્રસન્ન થયો છું. માંગ, તારી જે પણ ઇચ્છા હશે તે પૂર્ણ કરવામાં આવશે.’’

દુર્યોધન આ જ ક્ષણની રાહ જોઈ રહ્યો હતો, તેના દુશ્મનોનો નાશ કરવાની તક મળવાથી તે ખુશ થઈ ગયો.

તેણે દુર્વાસા મુનિને ખૂબ જ વિનમ્રતાથી પ્રણામ કરીને કહ્યું : ‘‘હે મહર્ષિ! હે યોગીરાજ! મારી એ ઇચ્છા છે : કૃપા કરીને તમે વનમાં જઈને પાંડવોને દર્શન આપો. તેઓ મારા પ્રિય મિત્ર છે અને ખૂબ જ ધર્મનિષ્ઠ છે. તમારાં દર્શન કરીને તેઓ ખૂબ પ્રસન્ન થશે. કૃપા કરીને, દ્રૌપદી તેનું ભોજન કરી લે પછી તેમની પાસે જજો જેથી તે તમારી સેવા ખૂબ સારી રીતે કરી શકે.’’ ઋષિ સહમત થયા અને બીજા દિવસે તેમના દસ હજાર શિષ્યો સાથે તેમણે પાંડવોની કુટીર તરફ પ્રયાણ કર્યું.

બીજા દિવસે સાંજે ઋષિને આવતા જોઈને ધર્મરાજ યુધિષ્ઠિર તેમના ભાઈઓ સાથે તેમનું સ્વાગત કરવા માટે ઝડપથી ગયા. આ મહાન ઋષિઓના સ્વાગતની ઉતાવળમાં યુધિષ્ઠિર એ ભૂલી ગયા કે દ્રૌપદીએ થોડાં સમય પહેલાં જ તેનું ભોજન કરી લીધું હતું. યુધિષ્ઠિરે હાથ જોડીને દુર્વાસા મુનિનું સ્વાગત કર્યું અને કહ્યું, ‘‘હે ઋષિવર, કૃપા કરીને નદીમાં સ્નાન કરી લો અને પછી તમને અને તમારા શિષ્યોને ભોજન કરાવવું એ અમારા માટે સૌભાગ્યની વાત છે.’’

રાજકુમારી દ્રૌપદી અતિથિઓનું સ્વાગત કરવા કુટીરની બહાર આવી. જ્યારે તેણે ધર્મરાજ યુધિષ્ઠિરનું આમંત્રણ સાંભળ્યું ત્યારે તે ભયથી કાંપવા લાગી. અક્ષયપાત્ર તો ખાલી થઈ ગયું હતું! ભૂખ્યા મુનિ અને તેમના શિષ્યોને ભોજન કરાવવાનું અશક્ય હતું. દુર્વાસા મુનિ નિશ્ચિતપણે તેના આખા પરિવારને શ્રાપ આપશે.

દ્રૌપદી દોડીને કુટીરમાં ગઈ અને ઘૂંટણિયે પડીને વ્યાકુળતાથી પાંડવોના ગુરુ, ભગવાન કૃષ્ણને પ્રાર્થના કરવા લાગી.

‘હે શ્રીકૃષ્ણ,
તમારી શક્તિ અપરંપાર છે,
તમે વ્યથિતોના કર્મઠ નાયક છો
સમગ્ર વિશ્વ અને સૃષ્ટિના પાલનહાર છો,
તમે મહાનથી પણ મહાનતમ છો અને બધાના સર્વોત્કૃષ્ટ આશ્રય છો!
હે દેવાધિદેવ, તમારી શરણમાં આવવાથી
બધાને ભયથી મુક્તિ મળી જાય છે.
તમે પહેલા પણ અનેકવાર મારી રક્ષા કરી છે,
આ સંકટથી તમે જ મારી રક્ષા કરો.’

દ્રૌપદીની પ્રાર્થના સાંભળીને ભગવાન શ્રીકૃષ્ણ તેની સમક્ષ તરત જ પ્રગટ થયા. તેઓ સમસ્ત દિવ્ય લોક સમાન તેજોમય હતા તેમજ સત્ય અને ધર્મના મૂર્તરૂપ હતા. તેમણે સ્થિર અને પ્રેમાળ સ્વરમાં દ્રૌપદીને કહ્યું, ‘‘હું ખૂબ ભૂખ્યો છું! જલ્દી! મારા માટે કંઈક ખાવાનું લઈ આવ!’’

દ્રૌપદીએ આજીજી કરી, ‘‘પરંતુ મારા પ્રભુ, અહીં કંઈ જ ખાવાનું વધ્યું નથી. અક્ષયપાત્ર ખાલી છે અને દુર્વાસા મુનિ અમારા પર ક્રોધ કરશે! કૃપા કરીને મારી મદદ કરો!’’

સૌનાં હૃદયમાં નિવાસ કરનારા ભગવાન શ્રીકૃષ્ણે ફરી તેને આદેશ આપ્યો, ''જલ્દી, જલ્દી! મારા પેટમાં ઉંદરડાં દોડી રહ્યાં છે! સૂર્યદેવનું પાત્ર મારી પાસે લઈ આવ! ચોક્કસ, તેમા કંઈક વધ્યું જ હશે!''

દ્રૌપદીએ મનમાં વિચાર્યું, ''ભગવાનમાં પૂર્ણ વિશ્વાસ રાખવો અને તેમના આદેશનું પાલન કરવું એ મારો ધર્મ છે. તેઓ અદશ્યને જોઈ શકે છે અને અસંભવને પણ સત્ય બનાવી દે છે. હું સ્વયંને તેમની આજ્ઞા પ્રત્યે સમર્પિત કરું છું.'' તેણે નમીને તેમના શ્રીગુરુ શ્રીકૃષ્ણને પ્રણામ કર્યાં અને તરત જ અક્ષયપાત્ર લાવીને તેમને અર્પણ કર્યું. ભગવાન શ્રીકૃષ્ણે પાત્રના કિનારા પર તેમની આંગળી ફેરવી. પછી તેમણે દ્રૌપદી સામે સ્મિત કર્યું અને તેમની આંગળી કાઢી બતાવી; તેના પર ચોખાનો એક દાણો ચોંટેલો હતો. ભગવાને સ્વાદ લેતા-લેતા ખૂબ જ આનંદથી તેને ખાઈ લીધો. પછી તેમણે કહ્યું, ''શ્રીહરિ જે બ્રહ્માંડનો આત્મા છે, આ ભેટથી પૂર્ણ તૃપ્ત થાઓ.''

ભીમ જે પાંડવોમાં સૌથી બળવાન હતા તે આ દિવ્ય લીલાને જોઈ રહ્યા હતા. ભગવાન શ્રીકૃષ્ણે તેના તરફ જોઈને કહ્યું, ''ઝડપથી જાઓ અને દુર્વાસા મુનિ અને બીજા બધાને ભોજન કરવા માટે બોલાવી લાવો.''

તે દરમ્યાન, નદીમાં સ્નાન કરી રહેલા દુર્વાસા મુનિ અને તેમના શિષ્યોની જમવાની ઇચ્છા અચાનક જ સમાપ્ત થઈ ગઈ. એક શિષ્યે પૂછ્યું, ''હે મહર્ષિ, હવે આપણે શું કરીશું? આપણા પેટ તો ભરાઈ ગયા હોય એવું લાગે છે; આપણે પૂર્ણ તૃપ્ત છીએ. પાંડવોને ત્યાં ભોજન કરવું અશક્ય છે.'' ઋષિએ જવાબ આપ્યો, ''તેમનું આમંત્રણ સ્વીકારીને હવે ના પાડવાથી આપણે ગંભીર ભૂલ કરીશું. યુધિષ્ઠિર અને તેના ભાઈ ધર્માત્મા છે પણ તેઓ યોદ્ધા પણ છે. આ દુર્વ્યવહારથી તેઓ ક્રોધિત થઈ જશે. તેઓ પાછા આવે તે પહેલાં આપણે અહીંથી જતા રહેવું જોઈએ!''

ભગવાન શ્રીકૃષ્ણના આદેશાનુસાર ભીમ નદી તરફ ગયા અને તેમણે જોયું કે દુર્વાસા મુનિ અને તેમના શિષ્યો ઝડપથી પાંડવોની કુટીરથી દૂર ભાગી રહ્યા હતા. ભીમે યુધિષ્ઠિરને આ વાત જણાવી તો યુધિષ્ઠિરે પૂછ્યું કે આ કેવી રીતે શક્ય બન્યું. ભીમે તેમને ભગવાન શ્રીકૃષ્ણની લીલા વિશે વાત કરી. તરત જ બધાં પાંડવ બંધુ તેમના શ્રીગુરુ શ્રીકૃષ્ણનાં દર્શન કરવા અને કૃતજ્ઞતા વ્યક્ત કરવા માટે કુટીરમાં ગયા.

પરમ કૃપાળુ પ્રભુએ એક મનમોહક સ્મિત સાથે બધાનું સ્વાગત કર્યું. દ્રૌપદીએ જણાવ્યું કે કેવી રીતે ભગવાન શ્રીકૃષ્ણ પ્રગટ થયા અને તેમણે કઈ રીતે અક્ષયપાત્રમાં બચી ગયેલા એક ચોખાના દાણાનો સ્વાદ માણ્યો. કૃતજ્ઞતાનાં આસુંથી પાંડવોની આંખો ભરાઈ ગઈ અને તેમણે ભગવાન શ્રીકૃષ્ણને નમન કર્યાં.

ભગવાન કૃષ્ણે કહ્યું, ''દ્રૌપદીની કરુણ પ્રાર્થનાને લીધે જ હું અહીં ઉપસ્થિત થયો છું. જોકે ચોખાના એક દાણાની તેની ભેટ ખૂબ જ સાધારણ હતી, પરંતુ તેના વિશ્વાસ અને ભક્તિએ મને પ્રસન્ન કરી દીધો. મારામાં તેનો વિશ્વાસ અટલ હતો. જ્યારે કોઈ વ્યક્તિ પ્રેમપૂર્વક કરેલા પોતાનાં કાર્યો ભગવાનને સમર્પિત કરે છે ત્યારે તેના નાનામાં નાના સત્કર્મમાં પણ ઘણાં લોકોનો ઉદ્ધાર કરવાની શક્તિ હોય છે.

“દ્રૌપદીએ પણ તમે પાંડવોની જેમ જ પોતાના ધર્મનું પાલન કર્યું છે. હંમેશાં યાદ રાખો કે અક્ષયપાત્રની જેમ જ ભગવાનનો અનુગ્રહ પણ શાશ્વત અને અક્ષય છે. અને જે ધર્માત્મા ભગવાનની શરણ લે છે, તેમનો વિજય નિશ્ચિત છે. યશસ્વી ભવ!”

યુધિષ્ઠિરે ભગવાન શ્રીકૃષ્ણને કહ્યું, “હે પ્રભુ, તમે શાંતિના સ્રોત છો અને સૌભાગ્યનું નિવાસ સ્થાન છો. અમે તમને વારંવાર પ્રણામ કરીએ છીએ અને અમે હંમેશાં હૃદયથી તમારું સ્મરણ કરતા રહીશું.”

સમસ્ત પ્રાણીઓનું અસ્તિત્વ અનંત પરમાત્મામાં જ છે. ખરેખર, ભગવાન કૃષ્ણ ચોખાના માત્ર એક દાણાથી સંતુષ્ટ થઈ ગયા, એના કારણે દસ હજાર વ્યક્તિઓની ભૂખ તૃપ્ત થઈ ગઈ અને અપ્રત્યક્ષ રીતે પાંડવોની રક્ષા થઈ.

***

*મહાભારત*

*મહાભારત, સંસ્કૃતમાં લિખિત એક મહાકાવ્ય છે જેની રચના મહર્ષિ વેદવ્યાસે કરી હતી.*
*રામાયણની સાથેસાથે મહાભારત પણ ભારતની સર્વાધિક પ્રસિદ્ધ કૃતિઓમાંનો એક પાવન ગ્રંથ છે.*
*વાર્તાઓ અને ઉપદેશોથી સમૃદ્ધ મહાભારતમાં સમાવિષ્ટ છે, શ્રીભગવદ્ ગીતાનો આધ્યાત્મિક ખજાનો.*

***

પુનઃ કથન : મૉરગન હૂપર

© ૨૦૨૧ એસ.વાય.ડી.એ. ફાઉન્ડેશન®. સર્વાધિકાર સુરક્ષિત.